સલાલ માર્કેટયાર્ડમાં ડાંગરના ઓછા ભાવને મામલે ખેડૂતોમાં નારાજગી

ગત વર્ષ કરતા ઓછુ વાવેતર છતાં ભાવ ઓછા મળતા ખેડૂતોને નુકસાન : હરાજીમાં ડાંગરનો ભાવ પ્રતિ ૨૦ કિલોના ૩૬૭ બોલાયા

હિંમતનગર, તા. ૧૮

ગુજરાતમાં સૌથી વધુ ડાંગર પકવતા વિસ્તારમાં પ્રાંતિજ તાલુકાનો સમાવેશ થાય છે. ત્યારે ચોમાસાની શરૂઆતમાં ઓછા વરસાદને લઈને ખેડૂતોએ ગત વર્ષની સરખામીણાં ઓછુ વાવેતર કર્યુ હતુ. તો બીજી તરફ પાછોતરા વધુ વરસાદને લઈને તૈયાર થયેલી ડાંગર ખેડૂતોની નજર સામે ધુળધાણી થઈ ગઈ હતી. તેમ છતાં ખેડૂતોએ આ ડાંગરવાળા ખેતરોમાં ઘઉંનું વાવેતર કરવા માટે ડાંગરને કાપી વેચવા માટે બજારમાં જઈ રહ્યા છે ત્યારે સોમવારે સલાલ માર્કેટયાર્ડમાં અંદાજે ૧૦૦ થી વધુ ખેડૂતો વાહનો લઈને ડાંગર વેચવા આવ્યા હતા જ્યાં સારી ક્વોલીટીની ડાંગરનો ભાવ પ્રતિ ૨૦ કિલોના રૂ. ૩૬૭ બોલાયા હતા. જ્યારે વેપારીઓએ માલ તેવા ભાવ કરીને ખેડૂતો પાસેથી રૂ. ૨૫૦ થી લઈને ૩૬૦ના ભાવે ખરીદી કરી હતી.

આ વર્ષે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગામડાઓમાં ખેડૂતોએ શરૂઆતથી જ મુખ્ય પાક એવા ડાંગરનું ૭૦ ટકા જમીનમાં વાવેતર કર્યુ હતુ. ડાંગરના પાકને અન્ય પાક કરતા વધુ પાણીની જરૂર હોય છે ત્યારે કુદરત પણ રૂઠી હોય તેમ શરૂઆતમાં ખુબજ ઓછો વરસાદ થયો હતો. તો બીજી તરફ બોર કુવામાં તળ નીચે ઉતરી જતા ખેડૂતોએ રાત પરોઢીયા કરીને ડાંગરના પાકને બચાવ્યો હતો. જેના લીધે ઉત્પાદન ખર્ચ પણ વધુ થયું છે.

તો બીજી તરફ ચોમાસાના છેલ્લા દિવસોમાં એટલે કે ડાંગર પાકીને તૈયાર થઈ ગયા બાદ વાવાઝોડા અને માવઠા સ્વરૂપે પડેલા વરસાદે ખેડૂતોની આશાઓ એકી ઝાટકે ચકનાચુર કરી દીધી છે. પવન અને વરસાદને લઈને ખેતરોમાં ડાંગરના છોડ જમીન પર ચોંટી જતા ઉત્પાદન ઓછુ થઈ રહ્યું છે. જોકે ખેડૂતોએ ગમે તેમ કરીને ડાંગર તૈયાર કરી વેચવા માટે સલાલ માર્કેટયાર્ડમાં લાવી રહ્યા છે. જ્યાં એ ગ્રેડની ડાંગરનો ભાવ પ્રતિ ૨૦ કિલોના અંદાજે રૂપિયા ૨૬૭ હરાજીમાં બોલાયા હતા. તેમ છતાં ઓછી ગુણવત્તા વાળી અને વજન ઓછુ પકડતી ડાંગરનો ભાવ અંદાજે રૂ. ૨૫૦ થી ૩૬૩ ના પડ્યા હતા. હજુ તો ખેડૂતોએ ડાંગર વેચવાનું શરૂ કર્યુ છે. જેથી આગામી દિવસોમાં સલાલ સહીત અન્ય માર્કેટયાર્ડોમાં ડાંગર વેચવા ખેડૂતો વાહનો લઈને ખુબજ ઘસારો કરે તેવી શક્યતા છે.

ગત વર્ષની સરખાણણીમાં વાવેતર ઓછુ

સાબરકાંઠા જિલ્લામાં અનિયમીત વરસાદને લઈને આ વર્ષે પીયત અને બિનપીયત મળી અંદાજે ૬૯૦૦ હેક્ટરમાં વાવેતર થયું છે. જ્યારે ગત વર્ષે જિલ્લામાં અંદાજે ૭૦૬૯ હેક્ટરમાં ડાંગરનું વાવેતર થયુ હતુ. જેના પરથી અંદાજ આવે છે કે જો વરસાદ ઓછો થાય તો વાવેતર પણ ઓછુ થઈ શકે છે.

ટેકાના ભાવમાં ભલીવાર નથી

સરકારે ડાંગરના ટેકાના ભાવ જાહેર કર્યા છે જે મુજબ આ વર્ષે સરકારે ટેકાના ભાવમાં પ્રતિ ૨૦ કિલોએ ફક્ત રૂ. ૧૭નો વધારો કર્યો છે. જે ખેડૂતો માટે મશ્કરી સમાન ગણાય છે. ગત વર્ષે ડાંગરનો ટેકાનો ભાવ અંદાજે રૂ. ૩૫૦ હતો. જે આ વર્ષે વધીને સારી ક્વોલીટીની ડાંગરનો ભાવ રૂ. ૩૬૭ જાહેર કર્યો છે જેથી ખેડૂતોનુ માનવું છે કે ઉત્પાદન ખર્ચ વધવાની સાથે તેના ભાવ ન વધે તો આખરે ખેડૂતનો મરો થાય છે.

બાયડના અહેમદપુરામાંથી નાસતો ફરતો શખ્સ પકડાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ત્રણ વર્ષ અગાઉ અપહરણના ગુનામાં નાસતા ફરતા એક શખ્સને એસઓજીએ બાતમીને આધારે રવિવારે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના અહેમદપુરા ગામેથી ઝડપી લઈને વધુ તપાસ માટે પ્રાંતિજ પોલીસને હવાલે કર્યો હતો.

આ અંગે એસઓજીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૧૬માં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં સુરેન્દ્રનગર જિલ્લાના રાજ સિતાપુર ગામના રણજીતભાઈ પરસોત્તમભાઈ ઓડ વિરૂદ્ધ અપહરણની ફરીયાદ નોંધાઈ હતી. ત્યારબાદ તે પોલીસની નજર ચુકવીને નાસતો પરતો હતો. દરમ્યાન આ અંગે સાબરકાંઠા એસઓજીને એવી બાતમી મળી હતી કે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અપહરણના ગુના સંદર્ભે જે શખ્સ વિરૂદ્ધ ફરીયાદ નોંધાઈ હતી તે શખ્સ બાયડ તાલુકાના અહેમદપુરા ગામે ખેતરમાં રહે છે. તે બાતમીને આધારે એસઓજીએ રણજીતભાઈ ઓડને રવિવારે અહેમદપુરાના ખેતરમાંથી ઝડપી લઈને વધુ તપાસ માટે પ્રાંતિજ પોલીસને હવાલે કરાયો હતો.

બ્રહ્માકુમારીઝના ગાંધીનગર સેવા કેન્દ્રના ૪૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે સેક્ટર-૨૮ના રંગમંચ ખાતે માઉન્ટ આબુથી પધારેલા આંતરરાષ્ટ્રીય એવોર્ડ વિજેતા વક્તા પૂ. ઉષાદીદી દ્વારા 'શ્રીમદ ભગવદ્ ગીતાના અદ્ભૂત રહસ્યો' તથા 'પારિવારિક શાંતિ અને પરમાત્મ અનુભૂતિ શિબિર' યોજવામાં આવી છે. આ શિબિરમાં પૂ. ઉષાદીદીની વાણીનો લાભ લેવા શહેરના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉમટી રહ્યાં છે.

મહેસાણા વિજાપુર રૂટમાં અનિયમિત બસ સેવાથી મુસાફરો ત્રાહીમામ

સાદરા રૂટની બસ પણ બંધ હોવાથી રૂટમાં આવતા ૯ ગામોને બસ સેવા ઉપલબ્ધ થતી નથી

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરથી સાંજના સમયે વિજાપુર મહેસાણા રૂટની બસ મળતી નથી. આ રૂટની બસો અનિયમિત હોવાથી મુસાફરોને સલામત સવારી માટે વલખા મારવા પડે છે. જયારે સાદરા રૂટની બસ છેલ્લા ઘણાં સમયથી બંધ થઈ ગઈ હોવાના લીધે આ રૂટમાં આવતા ૯ જેટલા ગામોમાં પણ બસ સેવાના નામે મીંડુ ચિતરાયુ છે.

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા સમયાંતરે મુસાફરોની જરૂરીયાતને ધ્યાને લઈ એસ ટી બસે સવાના રૂટમાં ફેરફાર કરવામાં આવે છે. અલબત્ત જરૂર મુજબ નવા રૂટોની બસો પણ શરૂ કરવામાં આવે છે. આ ઉપરાંત ધાર્મિક કાર્યક્રમો સહીત તહેવારના ટાંણે વધારાની બસ સેવા પણ પુરી પાડવામાં આવે છે. સેકટરોમાં અવરજવર કરતી શહેરી બસ સેવા પણ પુરતા પ્રમાણમાં દોડતી ન હોવાનો રોષ પ્રબળ બન્યો છે. જયારે શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં પણ જરૂરી બસ સેવા ઉપલબ્ધ ન થતી હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. બીજીતરફ છેલ્લા કેટલાક સમયથી સાંજના સમયે ગાંધીનગરથી મહેસાણા વિજાપુર રૂટની બસ સેવા ઉપલબ્ધ થતી નથી.

અનિયમિત બસ સેવાના લીધે મુસાફરો ત્રાહીમામ પોકારી ગયા છે. જયારે ગાંધીનગર સાદરા રૂટની બસ પણ દર બે કલાકે મળતી હતી પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ બસ બંધ કરી દેવાતા રૂટમાં આવતા ૯ જેટલા ગામોને પણ બસ સેવાનો લાભ મળતો નથી. સ્થાનિક ગ્રામજનોએ બસ સેવાના અભાવે પારાવાર હાલાકી વેઠવી પડે છે.

વડગામ તાલુકાના હોતાવાડામાં ૧૫ વર્ષ જુના ગૌચરના દબાણો હટાવાયા

ગામના એક અરજદાર દ્વારા દબાણ હટાવવા આત્મવિલોપનની ચિમકી સાથે મુખ્યમંત્રી સમક્ષ લેખિત રજૂઆત કરાઈ : તંત્ર દ્વારા રજૂઆતના બે મહિનામાં જ ગૌચરના દબાણો દૂર કરાયા

વડગામ, તા. ૧૮

વડગામ તાલુકાના કરનાળા ગ્રુપ ગ્રામપંચાયતમાં આવતા હોતાવાડા ગામમાં આવેલ ગૌચરમાં છેલ્લા ૧૫ વર્ષથી મોટા પાયે દબાણો કરીને વાવેતર કરાતું હતું. જે બાબતે ગામના જ એક અરજદાર દ્વારા દબાણો દુર કરવા ગ્રામપંચાયતથી લઈને વડગામ તાલુકા પંચાયત તેમજ મુખ્યમંત્રી સુધી રજૂઆત થતાં આખરે તંત્ર દ્વારા દબાણો દૂર કરવાની ફરજ પડી હતી.

કરનાળા ગ્રુપ ગ્રામપંચાયતમાં આવતા હોતાવાડા ગામમાં બાબુભાઈ હીરાભાઈ રાવળ તેમજ પંચાયતના મહિલા સદસ્યના પતિ હીરાભાઈ મોતીભાઈ રાવત દ્વારા ગૌચરમાં ભારે દબાણો કરીને વાવેતર કરાઈ રહ્યું હતું. ગામમાં છેલ્લા પંદર વર્ષથી ગૌચરમાં દબાણો કરાતાં ગામના જ અરજદાર દલાભાઈ ચેલાભાઈ પરમાર ગૌચરમાં થયેલા દબાણો દુર કરવા માટે સ્થાનિક ગ્રામપંચાયતથી લઈને વડગામ તાલુકા પંચાયત તેમજ મુખ્યમંત્રી સુધી રજૂઆતો કરતાં વડગામ તાલુકાના સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા દબાણો દુર કરવા માટેની તજવીજ હાથ ધરી હતી. જેમા વડગામ તાલુકા વિકાસ અધિકારી એ.એચ. પરમાર અને સર્કલ ઓફીસર મફાજી રાજપુત તેમજ કરનાળા સરપંચ નથુભાઈ પટેલ, તલાટી હરેશભાઈ ધુળીયા સહિત વડગામ પી.એસ.આઈ. પોલીસ ટીમ સાથે બે જેસીબી મશીન સાથે હોતાવાડા જઈને વર્ષો જુના ગૌચરના દબાણો દુર કરાવતાં ગામમાં હાહાકાર મચી ગઈ હતી.

અત્રે ખાસ ઉલ્લેખનિય છે કે વડગામ તાલુકામાં ગામેગામ મોટા પ્રમાણમાં ગૌચર તેમજ સીમતળમાં દબાણો કરાયા છે ત્યારે તંત્ર દ્વારા આ બાબતે પણ ગંભીરતા દાખવીને દબાણો દૂર કરવામાં આવે તેવી માંગ લોકોમાંથી ઉઠવા પામી છે.

વડગામના આંબેડકર નગરમાં ગુરૂબ્રાહ્મણ સમાજ બનાસકાંઠાની બેઠક યોજાઈ

જિલ્લા કારોબારી સમિતીમાં બે મહીલા સદસ્યોની પણ નિમણૂક કરાઈ

ગુરૂ બ્રાહ્મણ સમાજ એકતા સંગઠન બનાસકાંઠા જિલ્લાની કારોબારી સમિતિના સભ્યોની મીટીંગ વડગામ મુકામે વિનોદભાઈ ચુનીલાલ શ્રીમાળીના નિવાસસ્થાને યોજાઈ.

જેમાં સંગઠન અંગે ચર્ચાઓ સાથે વિચારણા કરવામાં આવી હતી.

સંગઠનમાં કારોબારી સમિતીમાં બે મહિલા સદસ્યોની નિમણુંક કરવામાં આવી હતી. જિલ્લાના સંગઠનની કારોબારીમાં બે મહીલાઓનો સમાવેશ કરતા ગુરૂબ્રાહ્મણ સમાજની અન્ય મહીલાઓમાં ઘણો આનંદ છવાયો છે. અંતમા ભોજન પ્રસાદ કરી સભાનું વિસર્જન કરવામાં આવ્યુ હતુ. આ બેઠકમાં ભોજન વિનુભાઈ શ્રીમાળી વડગામ તરફ થી આપવામાં આવ્યુ હતું. વિનોદભાઈ શ્રીમાળીનો સંગઠન દ્વારા ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

ગુજરાતમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિના વ્યાપને વધારાશે

ગાંધીનગર,તા.૧૮

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને સુક્ષ્મ પદ્ધતિથી ખેતીની સુવિધા ઉપલબ્ધ કરાવવા સઘન પ્રયાસો હાથ ધરાયા છે જેના ભાગરૂપે આજે ગાંધીનગર ખાતે નાયબ મુખ્યીમંત્રી નીતિન પટેલના હસ્તે જીજીઆરસી દ્વારા ખેડૂતો માટે તૈયાર કરાયેલ http://khedut.ggrc.co.in પોર્ટલનું લોન્ચીંગ કરાયુ હતું. નાયબ મુખ્યમંત્રી પટેલે પોર્ટલનું લોન્ચીંગ કરતા જણાવ્યુ હતુ કે, રાજ્યમાં ખેડૂતોને પર ડ્રોપ મોર ક્રોપ માટે ડ્રીપ ઈરીગેશન-સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિ દ્વારા ઓછા પાણીએ વધુ ખેતી ખેડૂતો કરી શકે તે માટે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા સુવિધાઓ પુરી પાડવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં રાજયમાં જીજીઆરસી દ્વારા રાજ્યના ૧૧ લાખથી વધુ ખેડૂતોને ૧૮.૫૦ લાખ જેટલા હેક્ટરમાં સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિ વસાવીને આ યોજનાનો લાભ પુરો પડાયો છે. ખેડૂતોને ખૂબ જ ઓછી કિંમતે ટપક સિંચાઈની સિસ્ટમ લગાડવા માટે રાજય સરકારે અત્યાર સુધીમાં કુલ ૬૦૯૦ કરોડની માતબર રકમની સબસીડી પણ પુરી પાડી છે. પટેલે ઉમેર્યુ કે, સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિનો લાભ મેળવવા માટે ખેડૂતોએ કાર્યરત થયેલ આ પોર્ટલમાં અથવા મોબાઈલ નંબર ૯૭૬૩૩ ૨૨૨૧૧ ઉપર પોતાની વિગતો, નામ, જિલ્લો, તાલુકો, ગામ ભરી પૂર્વ નોંધણી જાતે જ કરી શકશે. નોંધણી થયા બાદ જીજીઆરસી દ્વારા સામેથી ખેડૂતોનો સંપર્ક કરી સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિ લગાડવા માટેની કામગીરી કરવામાં આવશે. આ પ્રસંગે જીજીઆરસીના મેનેજીંગ ડીરેકટર શાહમીના હુસૈન, જોઈન્ટ સી.ઈ.ઓ. રેણુ ભટ્ટ, એગ્રો ડેવલપમેન્ટના ચીફ પીપી દોંગા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

૧૩ વ્યક્તિલક્ષી યોજનાઓ ઓનલાઈન કરાઈ

ડિજિટલ ગુજરાત નિર્માણ ક્ષેત્રે વધુ એક નક્કર પગલું

શિષ્યવૃત્તિ સિવાયની અન્ય યોજનાઓમાં લાભાર્થી સીધો લાભ બેંક ખાતામાં મેળવી શકે તે હેતુથી વ્યવસ્થા ગોઠવાઈ

ગાંધીનગર,તા.૧૮

સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ઈશ્વરસિંહ પરમારે જણાવ્યું છે કે, રાજય સરકારની કલ્યાણકારી યોજનાના લાભો પારદર્શિતાથી નાગરિકોને સત્વરે મળી રહે તે માટે રાજય સરકારે મક્કમ નિર્ધાર કર્યો છે. જેના ભાગરૂપે આજે સમાજ કલ્યાણ વિભાગની વધુ ૧૩ વ્યક્તિલક્ષી યોજનાઓ ઓનલાઈન કરાઈ છે. આજે ગાંધીનગર ખાતે સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ હસ્તકની ૧૩ યોજનાઓનું ઓનલાઈન લોન્ચીંગ કરતાં મંત્રી પરમારે કહ્યું કે, ડિજિટલ ગુજરાતના નિર્માણ માટે રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજય રૂપાણીના માર્ગદર્શન હેઠળ શિષ્યવૃત્તિ સિવાયની અન્ય યોજનાઓમાં પણ લાભાર્થી સરળતાથી, ઝડપી તેમજ પારદર્શિતાથી સહાય/લાભ તેઓના બેન્ક ખાતામાં સીધો મેળવી શકે તે હેતુથી આ વ્યક્તિલક્ષી યોજનાનો અમલ પણ ઓનલાઈન કરવાનો રાજય સરકારને નિર્ણય કર્યો છે.

જેમાં મખ્યત્વે ડૉ. આંબેડકર આવાસ યોજના, માનવ ગરિમા યોજના, કુંવરબાઈનું મામેરૂ યોજના, વિદેશ અભ્યાસ લોન, કોમર્શિયલ પાયલોટ લોન, પંડિતદિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના, બસ પાસ યોજના, સાધન સહાય યોજના, સંત સુરદાસ યોજના જેવી યોજનાઓ ઓન લાઈન કરાઈ છે. જેમાં પાત્રતા ધરાવતા લાભાર્થીઓ 'ઈ સમાજ કલ્યાણ' વેબ સાઈટ મારફત ઓનલાઈન અરજી કરીને સરળતાથી ઝડપી લાભ મેળવી શકશે. પરમારે ઉમેર્યુ કે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની અનુસૂચિત જાતિ કલ્યાણ, નિયામક, વિકસતી જાતિ કલ્યાણ તથા નિયામક સમાજ સુરક્ષાની કચેરી દ્વારા જુદી જુદી શિષ્યવૃત્તિ તેમજ પ્રજાલક્ષી યોજનાઓનો અમલ કરવામાં આવી રહ્યો છે. જેમાં પ્રિ એસ.એસ.સી. તેમજ પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિઓ વર્ષ-૨૦૧૭-૧૮થી ડિજિટલ ગુજરાત પોર્ટલ દ્વારા ઓનલાઈન કરીને ચૂકવવામાં આવે છે.

તોફાની પ્રારંભ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીને વધુ સત્તાઓ આપવા સંબંધિત બિલ પાસ કરવામાં આવ્યા હતા. ઉપરાંત જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબૂદી પણ કરવામાં આવી હતી. આ વખતે જટિલ સિટિઝનશીપ સુધારા બિલ પાસ કરવા માટે સરકાર તૈયાર છે. ભાજપના ચાવીરુપ મુદ્દા તરીકે આને જોવામાં આવે છે. જુદા જુદા પડોશી દેશોમાંથી આવેલા બિન મુસ્લિમ શરણાર્થીઓને નાગરિકતા આપવાની આમા યોજના રહેલી છે. સરકારે અગાઉની અવધિમાં આ બિલ રજૂ કર્યુ હતું પરંતુ વિરોધ પક્ષો તરફથી જોરદાર વિરોધ પ્રદર્શનના કારણે આ બિલ પાસ થયુ ન હતુ. પ્રથમ સત્રમાં બંને ગૃહોમાં ચાવીરુપ ખરડા પાસ કરવામાં આવ્યા હતા જેમાં એક ત્રિપલ તલાકની પ્રથાને લઈને બિલ અને અન્ય નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીને વધુ સત્તાઓ આપવા સાથે સંબંધિત બિલ રહ્યું હતું. બંને ગૃહોમાં પ્રથમ સત્ર દરમિયાન જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ની નાબૂદીનું બિલ પણ પાસ કરવામાં આવ્યુંહતું. સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ લોકસભામાં રજૂ કરવા માટે ૨૨ બિલ લિસ્ટ કરવામાં આવ્યા છે. જમ્મુ કાશ્મીરની સ્થિતી અને ફારુક અબ્દુલ્લાને નજરકેદ કરવા અંગે થયેલા હોબાળા બાદ મુખ્ય વિપક્ષ દળ કોંગ્રેસે લોકસભામાંથી વોક આઉટ કર્યુ હતું. તે અગાઉ, શિવસેનાના સાંસદ પણ ગૃહની કાર્યવાહી છોડીને બહાર નિકળી ગયા હતા.

દૂરદર્શી બનાવ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદીના આ નિવેદનથી ભાજપે એનસીપીની સાથે મિત્રતા કરવાના સંકેત આપી દીધા છે. આ સંકેતોના સંદર્ભમાં પુછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં ભાજપ અથવા તો એનસીપી તરફથી કોઈ સંકેત આપવામાં આવ્યા નથી. એનસીપી અને બીજેડીથી તમામને ઘણુ શિખવા જેવું છે. મોદીએ પોતાના સંબોધનમાં જુદા જુદા વિષયો ઉપર વાત કરી હતી. બાબા સાહેબ આંબેડકર, કલમ ૩૭૦ અને અન્ય મુદ્દા ઉઠાવ્યા હતા. સ્થાયિત્વ અને વિવિધતા રાજ્યસભાને બે ખાસ પાસાઓ તરીકે છે. મોદીએ આ સંબોધન દરમિયાન જુદા જુદા વિષયો ઉપર વાત કરી હતી.

મેટ્રો દોડશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે જુન ૨૦૨૦ થી પ્રોજેકટનુ કામ પુરજોશમાં કાર્યરત થશે. દાયકાઓના અંતે શહેરમાં મેટ્રો રેલ દોડાવાનુ સ્વપ્ન સાકાર થશે.

ગાંધીનગરના ઉભા આડા રસ્તા વચ્ચે મેટ્રોરેલ દોડતી થશે. શહેરમાં મેટ્રો રેલ દોડાવાનુ દાયકાઓ જુનુ સ્વપ્ન સાકાર થશે.મેટ્રો રેલ સંબંધિત પ્રાથમિક કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. નગરના મુખ્યમાર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં સોઈલ ટેસ્ટીંગ સહીતની કામગીરી ચાલી રહી છે. મોટેરા સ્ટેડિયમથી શાહપુર ચોકડીથી કોબા સર્કલ , જુના કોબા, કોબા ગામ અને જી અને એલ યુ, પીડીપીયુ, ગીફ્ટ સીટીથી રાયસણ રૂટમાં મેટ્રો રેલ આગળ દોડશે જયારે આગળ રાંદેસણ, ધોળાકુવા, ઈન્ફોસીટીથી નગરના ચ માર્ગ પર મેટ્રો રેલ આગળ દોડશે શહેરના સે-૧ પરથી છ માર્ગ તરફ મેટ્રો રેલ આગળના રૂટમાં દોડશે. જયારે છ માર્ગ પરથી નવા સચિવાલયથી સુપ્રસિધ્ધ અક્ષરધામ મંદિર પહોંચશે. જયારે વળતા રૂટમાં જુના સચિવાલયથી સે-૧૬ અને સે-૨૪ સહીતના રૂટમાં રોડ નં -૫ પર મહાત્મા મંદિર ના રૂટમાં મેટ્રો રેલ દોડશે. જયારે આગામી જુન ૨૦૨૦થી મેટ્રો રેલના પ્રોજેકટના બાંધકામનુ કામ શરૂ કરી દેવાશે. જયારે આગામી માર્ચ ૨૦૨૪ સુધીમાં મેટ્રો રેલના પ્રોજેકટનુ કામ પુર્ણ થઈ જતા નગરના માર્ગો પર દોડતા વૈભવી વાહનો સાથે મેટ્રો રેલ પણ આકર્ષણનુ કેન્દ્ર બનશે. ગ્રીન સીટીમાં માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં મેટ્રો રેલ દોડતા નગરનો નઝારો બદલાશે. નાગરિકોને પણ મેટ્રો રેલની સલામત અને ઝડપી સેવાનો લાભ મળતા દાયકાઓ જુનુ સ્વપ્ન સાકાર થશે. અલબત્ત શહેરના નિયત કરાયેલા રૂટમાં મેટ્રો રેલ દોડતી થશે. અમદાવાદથી ગાંધીનગર મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલને લંબાવવા માટે સરકારે રજુ કરેલી દરખાસ્તને રૂ ૫૩૮૪.૧૭ કરોડની દરખાસ્તને ગત ફેબ્રુઆરી મહીનામાં મંજુરી પણ આપી દેવામાં આવી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તાજેતરમાં જ મેટ્રો રેલ પ્રોજેકટ સંદર્ભે સર્વગ્રાહી પ્રગતિ સમીક્ષા બેઠકમાં પ્રોજેકટના અધિકારીઓ સાથે જરૂરી ચર્ચા વિચારણા પણ કરી હતી. મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર સુધી લંબાવાયેલા આ પ્રોજેકટને અનુલક્ષી નગરના મુખ્ય ચ માર્ગ પર હાલ પ્રાથમિક તબક્કાની કામગીરી હાથ ધરાઈ છે. મેટ્રો રેલ પ્રોજેકટના અમલથી આગામી દિવસોમાં સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતુ ગાંધીનગર માસ રેપિડ ટ્રાન્સપોર્ટથી જોડાશે. મેટ્રો રેલ પ્રોજેકટના અંતે શહેરના માર્ગો પર ટ્રાફિકનુ ભારણ ઘટશે આ ઉપરાંત માર્ગ અકસ્માતની સમસ્યા પણ હળવી થશે. જયારે ગ્રીન સીટીમાં વાહનોની વધતી સંખ્યા વચ્ચે વધતા પ્રદુષણની માત્રામાં પણ ઘટાડો થશે.

શુદ્ધ પાણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાણી સંપૂર્ણ જોખમી નગરજનોને આપવામાં આવી રહ્યુ છે. પાટનગરની આ અવદશા એ ખુબજ શરમજનક સ્થિતિ છે.

દૂષિત પાણીને કારણે શહેરમાં ગંભીર રોગચાળાની સ્થિતિ ઉભી થઈ શકે તેવી સંપૂણ સંભાવનાઓ છે. તાકીદે યોગ્ય પગલાં લેવા આ આવેદન પત્રમાં માંગ કરવામાં આવી છે.

આ જ આવેદનપત્રમાં શહેરની ઉભરાતી ગટરો અંગે પણ રજુઆત કરાઈ છે. ખાસ કરીને શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોની હાલત તો કફોડી હોવાનો ઉલ્લેખ કરી આવેદન પત્રમાં શહેર અને શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર ગંદકી અને દુર્ગંધથી ખદબદી રહ્યો હોવાનું કહેવાયું છે.

આ આવેદન પત્રમાં જો આ સમસ્યાઓ ૧૦ દિવસમાં નહિ ઉકેલાય તો પ્રજાને સાથે રાખી આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચીમકી પણ આપવામાં આવી છે.

આજે મ્યુનિ. કમિશનરને આવેદન પત્ર આપવામાં વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, કાઉન્સીલરો ચીમનભાઈ વિંઝુડા, જીતુભાઈ રાયકા, ઉર્મિલાબેન વર્મા, અંકિત બારોટ, પાયલબેન મેણાત, લલીબેન ઠાકોર, હસમુખ મકવાણા, જયરાજસિંહ વાઘેલા, હિરલબેન જોશી સંગઠ્ઠનના આગેવાનો પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ, વિજય સોલંકી, રાકેશ જાની, ચંદુલાલ વર્મા, ઉર્પલભાઈ જોશી, વસંતભાઈ પરમાર, મેરૂસિંહ ચાવડા, અશ્વિન ટાપરિયા, હેમેશ રાઠોડ, ગૌતમભાઈ સોલંકી, વિક્રમસિંહ ખાચર, અશ્વિન ચૌહાણ, તેજાભાઈ દેસાઈ, સવિતાબેન ડાભી, મહેન્દ્રસિંહ ચાવડા સહિતના આગેવાનો જોડાયા હતા.

બેરોજગારી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘટ્યો છે. આર્થિક સુસ્તી માટે આ મુખ્ય કારણ પૈકી એક કારણ છે. તેમણે ઉમેર્યુ હતું કે, દેશની અર્થવ્યવસ્થા ત્યાંની સામાજિક પરિસ્થિતિને દર્શાવે છે. અર્થ વ્યવસ્થા માટે મહત્વપૂર્ણ બાબત એ રહે છે કે, દેશના લોકો ત્યાંની સંસ્થાઓ ઉપર કેટલો વિશ્વાસ કરે છે. આ સંબંધ જેટલા મજબૂત હોય છે અર્થવ્યવસ્થાની નીવ એટલી મજબૂત હોય છે. મનમોહનસિંહે કહ્યું હતું કે, દેશના કેટલાક મોટા ઉદ્યોગપતિ પોતાને ડરાવીને અને ધમકાવીને આગળ વધવાની વાત કરી રહ્યા છે. તેઓ સરકારી તંત્રથી ભયભીત થવા લાગી ગયા છે. ડરના માહોલના કારણે બેંકરો લોન આપવામાં ખચકાચ અનુભવ કરી રહ્યા છે. ઉદ્યોગપતિઓ નવા પ્લાન્ટ અને પ્રોજેક્ટ શરૂ કરવામાં ભય અનુભવ કરી રહ્યા છે.

વિચારયાત્રા ● ચોથા પાનાનું ચાલુ

સંગ્રહાલયને જોયા વગર રહી જઈએ તો ઓડિશાનો ફેરો જ ફોગટ સમજવો. આશરે ૧૦૮૦ એકરમાં ફેલાયેલ આ પ્રાણીઓ માટેની સ્વર્ણિમ જગ્યા બાળકો અને મોટેરાઓ માટે યાદગાર જગ્યા છે. આટલા મોટા સંગ્રહાલયમાં બેટરી સંચાલિત વાહન અને જીપ-સફારી આ બંને વિકલ્પ યાત્રિકો પાસે હોય છે.

અહી સફેદ વાઘ, બેંગાલ-ટાયગર, જિરાફ, સિંહ, ચિમ્પાન્ઝિ,જેવા દુર્લભ વન્યજીવો રાજાની જેમ ફરતા જોવાનો લહાવો કંઈક ઔર જ છે.

એક્વેરિયમ વર્લ્ડમાં જવલ્લે જ જોવા મળતી સુંદર માછલીઓની ભાત ભાતની પ્રજાતિઓ ચિત્તને હરી લે છે.ઈ.સ. ૨૦૦૯માં ભારતનું આ એકમાત્ર પ્રાણીસંગ્રહાલય World Association of Zoos and Aquariums (WAZA)અંતર્ગત જોડાયું છે. એક આખો દિવસ નિરાંતે અહી પસાર થઈ જાય.

બીજુ પટનાયક એર-પોર્ટ સુંદર છે. બનારસનું લાલ બહાદુર શાસ્ત્રી એર-પોર્ટ અને આ એરપોર્ટ બંને એક જ કુળનાં લાગે. અહીંનાં રસગુલ્લા વખણાય છે. મીઠા મીઠા રસગુલ્લાની પાછળ પણ જરા તીખો વિવાદ જાણવા જેવો છે. ઓડિશા અને બંગાળ બંને રાજ્ય રસગુલ્લાના જન્મસ્થાનની દાવેદારી નોંધાવે છે. પશ્ચિમ બંગાળ અને ઓડિશા બંને વારંવાર આ મુદ્દે મચી પડે છે. અંતે ઓડિશા રસગુલ્લા અને બંગાળના રસગુલ્લા એમ બંને રસગુલ્લાને ભિન્નભિન્ન માનીને બંને અલગ અલગ માન્યતા આપવામાં આવી,આમ પણ બંગાળના રસગુલ્લા સફેદ અને ઓડિશાના રસગુલ્લા બદામી કલરનાં હોય છે.(કરવાવાળા રસગુલ્લાના જન્મસ્થાન માટે ભલેને વિવાદ કરે આપણે તો એયને...ગળચટ્ટા રસગુલ્લા ખાવાથી મતલબ છે.)

ઓડિશા રાજ્ય તેના દરિયા કિનારાઓ અને અતુલ વન્ય સંપત્તિથી આવૃત્ત છે. અપાર જળ સંપત્તિ, ખનીજ સંપત્તિ અને વન્ય જીવ અને વનસ્પતિઓની અવનવી ભાતથી લિપ્ત આ પ્રદેશનો વિકાસ જેવો જોઈએ તેવો થયો નથી.મહાભયાનક વાવાઝોડા અને તોફાનોથી આ પ્રદેશ વારંવાર ખરડાયા કરે છે,પણ વળી પાછો ફિનિક્સ પક્ષીની જેમ ઊભો થઈ જાય છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

આત્મનાદ ● ચોથા પાનાનું ચાલુ

બનેગા, ઈન્સાન કી ઓલાદ હૈ ઈન્સાન બનેગા, યે દેશ હૈ વીર જવાનો કા, અલબેલો કા, મસ્તાનો કા' વગેરે અનેક રુવાંડા ઊભા કરી નાખતાં સદાબહાર ફિલ્મી ગીતો સાહિરની બ્રાન્ડ ઈમેજ છે.

અમૃતાના હોઠે અડેલા ચાના એ એઠાં પ્યાલા, સાહિરે પીધેલી સીગરેટનાં એ ઠૂંઠા, થોડા કિસ્સા-થોડી યાદો અને ઢગલાબંધ પ્રેમપત્રો સાહિર અને અમૃતાની મખમલી મહોબ્બતની અધુરી દાસ્તાનની ગવાહી આપી રહ્યાં છે. સાહિરે એક શેરમાં અમૃતા અને એમના દિલોજાન ઈશ્કની આંધીના અંદાજને પ્રસ્તુત કરતાં લખ્યું છે કે,

વહ અફસાના જીસે અંજામ તક, લાના ન હો મુમકિન,
ઉસે એક ખૂબસૂરત મોડ દે કર, છોડના અચ્છા,
ચલો એક બાર ફિર સે, અજનબી બન જાયે હમ દોનો...

પાછળથી આ બહેતરીન ગીતનું બીઆર ચોપ્રાજીએ એમની ફિલ્મ ગુમરાહમાં સુનિલદત્ત, માલાસિંહા અને અશોક કુમાર ઉપર હદયસ્પર્ષી ફિલ્માંકન કર્યુ હતું.

ધબકાર :

પ્રેમનો વિસ્તાર અનંત છે, હું પ્રેમમાં છું એ નહી પણ પ્રેમ મારી અંદર છે એ સાચી સમજ છે.